# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-07-2024** **Evenig : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- કેન્દ્ર સરકારે ધોલેરા-ભીમાનાથ વચ્ચે ૨૩.૩૩ કિલોમીટર નવી બ્રોડગેજ રેલવે લાઇન પ્રોજેક્ટ માટે ૪૬૬ કરોડ રૂપિયાની ફાળવણી કરી .
- રાજ્યની સરકારી તબીબી કોલેજોમાં ફી વધારા અંગે આગામી દિવસોમાં રાજ્ય સરકાર યોગ્ય નિર્ણય લેશે..
- રાજ્યમાં નવા 4 મત્સ્યોદ્યોગ બંદરોનું નિર્માણ થશે અને રાજ્યના ઉમરસાડી અને ચોરવાડ ફીશ લેન્ડીંગ સેન્ટર ખાતે ફ્લોટિંગ જેટ્ટીનું નિર્માણ કરાશે.
- રાજ્યનાં બાગાયત વિભાગ દ્વારા 40 કરોડનાં ખર્ચે ચાર નવા સેન્ટર ઓફ એક્સલન્સ સ્થપાશે...
- અમદાવાદમાં જાહેર ખબરનાં જોખમી હોર્ડિંગ દૂર કરવા મહાનગરપાલિકાને વડી અદાલતનો આદેશ..
- દક્ષિણ ગુજરાતનાં કેટલાંક જિલ્લાઓમાં આગામી 24 કલાકમાં ભારેથી અતિ ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી...

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# DHOLERA- BHIMNATH- RAIL LINE

કેન્દ્ર સરકારે ધોલેરા-ભીમાનાથ (લોજિસ્ટીક હબ) નવી બ્રોડગેજ રેલ્વે લાઇન પ્રોજેક્ટ માટે 466 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

ધોલેરા ભીમાનાથ વચ્ચેની 23.33 કિલોમીટરની આ નવી બ્રોડગેજ રેલ્વે લાઇનના પરિણામે નવી દિલ્હી–મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ ફ્રેટ કોરિડોર સાથે ધોલેરાને કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે. આ રેલ્વે પ્રોજેક્ટ પૂર્ણ થતા ધોલેરા ખાસ મૂડીરોકાણ વિસ્તાર- SIR સાથે સંપૂર્ણ કનેક્ટીવિટી ઇકોસિસ્ટમ સાથે DMICનું અભિન્ન અંગ બનશે અને ભવિષ્યમાં ધોલેરા SIRના ઉદ્યોગો માટે ઉત્પાદન અને કાચા માલના પરિવહન માટે પણ ઝડપી કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે. આગામી થોડા વર્ષોમાં ધોલેરા SIR, ઉત્પાદનનું વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી આવશે, ત્યારે આ બ્રોડગેજ રેલ્વે લાઇન પ્રોજેક્ટ તેમાં મહત્વપૂર્ણ બની રહેશે.

રેલવે લાઇન માટેની ફાળવણી બાબતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# RUSHIKESH PATEL- MEDIA BRIF

રાજ્યમાં GMERS કોલેજોમાં ફી વધારા સામે રાજ્યમાં અનેક સ્થળોએ વિરોધ થઈ રહ્યો છે, ત્યારે સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે ફી ઘટાડવા અંગે સંકેત આપ્યો હતો. આજે ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પટેલે વધુમાં આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- ઋષિકેશ પટેલ)**

દરમિયાન, GMERS કોલેજોની ફી માં કરવામાં આવેલા ધરખમ વધારા સામે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ-એબીવીપીએ વિરોધ કર્યો છે. પાટણ ખાતે ધારપુર મેડિકલ કોલેજમાં વધારા સામે વિરોધ પ્રદર્શન કરી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

વલસાડમાં પણ ABVPના વિદ્યાર્થીઓ અને GMERS મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ ડિનને આવેદન પત્ર પાઠવી ફી વધારો પરત ખેંચવા માંગ કરી છે.

NSUI દ્વારા પણ ફી વધારા સામે જૂનાગઢ, મોરબી, અમદાવાદ, પાટણ, નર્મદા, રાજપીપળામાં GMERS કોલેજો ખાતે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

# Fisheries Meet

રાજ્યમાં મત્સ્યોદ્યોગ માટેના માળખાકીય વિકાસ ભંડોળ અંતર્ગત નવા 4 મત્સ્યોદ્યોગ બંદરોનું નિર્માણ થશે. આ ઉપરાંત રાજ્યના ઉમરસાડી અને ચોરવાડ ફીશ લેન્ડીંગ સેન્ટર ખાતે પાયલટ પ્રોજેક્ટ હેઠળ ફ્લોટિંગ જેટ્ટીનું નિર્માણ કરાશે.

રાજ્યના મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે તમિલનાડુના મદુરાઈ ખાતે “મત્સ્યોદ્યોગ અંગેની રાષ્ટ્રીય બેઠકમાં”વિડીયો માધ્યમથી સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે ગુજરાતે માત્સોધ્યોગ ક્ષેત્રે હાંસલ કરેલી સિદ્ધિઓ અંગે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે,ગુજરાતમાં બોટ રજીસ્ટ્રેશન માટે રીયલ ક્રાફ્ટ બોટ સર્વે, ડીઝલ સબસીડી અને ઓનલાઈન ટોકન સીસ્ટમના ઉપયોગથી માછીમારોને સરકારી  યોજનાઓનો લાભ સરળતાથી અને ઝડપથી મળી રહ્યો છે. શ્રી પટેલે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોથી એક જ વર્ષમાં ગુજરાતના 478 માછીમારો પાકિસ્તાનની જેલમાંથી વતન પરત ફર્યા છે.

67માં રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસની ઉજવણી નિમિત્તે  કેન્દ્ર સરકાર દ્વારા આ રાષ્ટ્રીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું..

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં મત્સ્યોદ્યોગના વિકાસ માટે ચાલુ વર્ષે 1 હજાર 300 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

# GUJ. BAGAYATI PAK

રાજ્ય સરકારના બાગાયત વિભાગ દ્વારા ગાંધીનગર, અમરેલી, બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં નવા સેન્ટર ઑફ એક્સેલન્સ સ્થાપાશે. આગામી ત્રણ વર્ષ માટે સેન્ટર દીઠ 10 કરોડ રૂપિયા મળી કુલ 40 કરોડ રૂપિયા રકમ ફાળવવામાં આવી છે.

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે,

## (બાઇટ- રાઘવજી પટેલ)

રાજ્યમાં બાગાયત ખાતા દ્વારા કાર્યરત સેન્ટર ઓફ એક્સલેન્સમાં ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તા ધરાવતા શાકભાજીના રોપાઓ તેમજ ફળ-પાકોની કલમો તૈયાર કરીને નજીવા દરે પૂરા પાડવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, ફળ, શાકભાજી, મસાલા અને ફૂલ જેવા બાગાયતી પાકોની ખેતી વધુ ઉત્પાદન અને આવક આપતી હોવાથી રાજ્યના ખેડૂતોનો બાગાયતી ખેતી તરફ રસ વધ્યો છે. છેલ્લાં કેટલાક વર્ષો દરમિયાન રાજ્યમાં બાગાયતી પાકોનું વાવેતર વધ્યું છે અને બાગાયતી ઉત્પાદનોની માંગ પણ વધી છે.

## SURAT- HASTKALA PRADARSHAN

સુરતના સાયન્સ સેન્ટર ખાતે હાથશાળ હસ્તકલાના કલાકસબીઓની શ્રેષ્ઠ કૃતિઓનું રાજ્યકક્ષાનું વેચાણ સહ પ્રદર્શન યોજાઇ રહ્યું છે.. 15મી જુલાઇ સુધી ચાલનાર આ પ્રદર્શનમાં સુરત જિલ્લા સહિત રાજ્યના ઘણા જીલ્લાઓના હસ્તકલા કારીગરોના 42 સ્ટોલ્સ પરથી હસ્તકલાકૃતિઓની ખરીદી કરી શકાશે.

રાજ્ય સરકારના સાહસ 'ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ' દ્વારા સંચાલિત ગરવી-ગુર્જરીના આયોજન હેઠળ હાથશાળ,હસ્તકલા કારીગરો દ્વારા તૈયાર કરાયેલ ઉત્પાદનોના વેચાણમાં વૃદ્ધિ કરવાના આશયથી આવા પ્રદર્શનો છેલ્લા 50 વર્ષથી યોજાઇ રહ્યા છે.

આ પગલાં થકી વર્ષ 2023-24 દરમિયાન છેલ્લાં 50 વર્ષનાં ઇતિહાસમાં સૌથી મહત્તમ 25 કરોડ રૂપિયાથી વધારેના વેચાણની સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે..

# HC- AMC AADESH

રાજ્યની વડી અદાલતે અમદાવાદ શહેરમાં જાહેર ખબર માટે ગોઠવવામાં આવેલા બધા જ હોર્ડિંગોની તપાસ કરવા, નાગરિકોના જીવને જોખમમાં મૂકે તેવી શક્યતા વાળા હોર્ડિંગોને તત્કાળ દૂર કરવા અને આ અંગેનો અહેવાલ ત્રણ સપ્તાહમાં આપવા અમદાવાદ મહાનગરપાલિકાને આદેશ આપ્યો છે... આ કેસની વધુ સુનાવણી આગામી બીજી ઓગસ્ટે હાથ ધરાશે.

અદાલતે અવલોકન કર્યું હતું કે, મુંબઈની હોર્ડિંગ તૂટી પડવાની તાજેતરની ઘટનાથી અમે ચિંતિત છીએ. આથી, સામાન્ય નાગરિકને જોખમી હોય તેવા હોર્ડિંગો તત્કાળ દૂર થવા જોઇએ..

આજે હાથ ધરાયેલી સુનાવણીમાં અમદાવાદ મહાનગર પાલિકાએ અદાલતમાં રજૂઆત કરી હતી કે, શહેરમાં રહેલા હોર્ડીંગની સ્ટેબિલિટીથી લઇ સ્ટ્રક્ચરની તપાસ અમારા દ્વારા કરવામાં આવી છે જે ગેરકાયદે હોર્ડીંગ હતા તેને કાઢવામાં આવ્યા અને જે બાકી છે તેને પણ હટાવવામાં આવશે..

# WEATHER

રાજ્યના દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આગામી 24 કલાકમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. હવામાન વિભાગની યાદીમાં જણાવ્યું છે કે, આવતીકાલથી 17મી જુલાઇ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવોથી ભારે વરસાદ થવાની સંભાવના છે. કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદ થઇ શકે છે. આ સમયગાળામાં જમીન પર પવનની ગતિ 30થી 40 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

દરમિયાન, છેલ્લા 36 કલાકમાં સૌથી વધુ 180 મીલીમીટર વરસાદ દમણમાં નોંધાયો છે. આ ઉપરાંત, ઉમરગામ, કામરેજ, વલસાડ, નવસારી અને બોરસદ તાલુકામાં 80 મીલીમીટર, વાપીમાં 70, ઉપલેટામાં 60, ધંધુકા, પારડી, કપરાડા, પોશીના અને ખાંભા તાલુકાઓમાં 50 મીલીમીટર જ્યારે 47 તાલુકાઓમાં 40 મીલીમીટર કે તેથી ઓછો વરસાદ નોંધાયો છે.

આજે સવારે છ વાગ્યાથી બપોરનાં ચાર વાગ્યા સુધી રાજ્યનાં 100 તાલુકમાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો છે.

અમારા બોટાદ જિલ્લાના પ્રતિનિધી પ્રકાશ ભીમાણી જણાવે છે કે, બોટાદ, ગઢડા, બરવાળામાં આજે વરસાદી માહોલ યથાવત છે. બરવાળા શહેર અને તાલુકાના સાળંગપુર, ખાંભડા, બેલા, ટીંબલા, કુંડળ, રામપરા, રોજીદ, ખમીદાણા સહિતના તાલુકા પંથકમાં ધીમીધારે વરસાદ નોંધાયો છે. બોટાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ગાજવીજ બાદ હળવા ઝાપટાં પડ્યા હતા. સાર્વત્રિક વરસાદને કારણે ખેડૂતોમાં ખુશી વ્યાપી ગઈ હતી.

# NEWS IN BRIF

## અને હવે સાંભળીએ કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

- સ્ટેચ્યુ ઓફ યુનિટીના ઘડવૈયા પદ્મભુષણ રામ સુતારે સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગરની મુલાકાત લીધી. તેમણે એકતાનગરમાં 2018 થી 2024 દરમિયાન થયેલા વિકાસ માટે ખુશી વ્યકત કરી..
- જિલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ ગાંધીનગર દ્વારા પાણીજન્ય રોગો અટકાવવા જરુરી સુચનો જાહેર કરાયા...
- જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આઈ.આઈ ટી પાલજ ખાતે આગામી 16મી જુલાઈના રોજ ભરતીમેળાનું આયોજન કરાયું છે.

- ગાંધીનગર જિલ્લાના ચડાસણા ગામને લોકજાગૃતિ માટે "પ્લાસ્ટિક મુક્ત ગામ" ઝુંબેશનું આયોજન કરાયું..
- સાબરકાંઠાના વાડોઠ ગામે કલેકટરની ઉપસ્થિતિમાં રાત્રિ ગ્રામસભામાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન અપાયુ.
- છોટાઉદેપુર જિલ્લા આરોગ્ય શાખા તથા જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા સબ જેલ છોટાઉદેપુર ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો..